**નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭**

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં ઉચ્ચક્રમ મેળવતા સફાઈ કામદારોના બાળકોને આપવામાં આવતા પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતાવિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSK/e-file/17/2025/3018/G
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

વંચાણમાં લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૧૨/ન.બા.૩૦/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૬/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:અજાક/મ-૧/૨૦૨૬/૨૧૧

આમુખ :

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૩ ના ઠરાવથી ધોરણ ૧૦ અને ૧૨ (વિજ્ઞાન / સામાન્ય પ્રવાહ) ની બોર્ડની પરીક્ષાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવતા સફાઈ કામદારોના બાળકોને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ના તા.૦૬/૦૩/૨૦૨૬ ના પત્રથી પ્રવર્તમાન ઇનામની રકમમાં વધારો કરવા તથા ધોરણ-૧૨ ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ ઉપરાંત આટ્ર્સના વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક ઈનામ આપવા અંગેની રૂ.૦.૦૩ કરોડની નવી બાબતનો વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોઈ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા અમલિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવતા સફાઈ કામદારોના બાળકોને આપવામાં આવતા પ્રોત્સાહક ઈનામ યોજનાના પ્રવર્તમાન રકમમાં નીચેના કોષ્ઠક અનુસાર વધારો કરવાનું આથી ઠરાવવામાં આવેલ છે. વધુમાં સદર યોજના હેઠળ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ ઉપરાંત હવેથી આટ્ર્સના વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક ઈનામ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨(આટ્ર્સ) | ધોરણ-૧૨(વિજ્ઞાન) | ધોરણ-૧૨(કોમર્સ) |
|---|---|---|---|---|
| પ્રથમ ક્રમ | રૂ.૫૧,૦૦૦/- | રૂ.૫૧,૦૦૦/- | રૂ.૫૧,૦૦૦/- | રૂ.૫૧,૦૦૦/- |
| દ્વિતીય ક્રમ | રૂ.૪૧,૦૦૦/- | રૂ.૪૧,૦૦૦/- | રૂ.૪૧,૦૦૦/- | રૂ.૪૧,૦૦૦/- |
| તૃતીય ક્રમ | રૂ.૩૧,૦૦૦/- | રૂ.૩૧,૦૦૦/- | રૂ.૩૧,૦૦૦/- | રૂ.૩૧,૦૦૦/- |

૨. પ્રસ્તુત રૂ.૦.૦૩ કરોડની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજનાનો લાભ સફાઈ કામદારના આશ્રિત બાળકોને મળવાપાત્ર રહેશે.

(૨) આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રહેશે નહીં.

(૩) દર વર્ષે માર્ચ/એપ્રિલમાં લેવામાં આવેલ એસ.એસ.સી બોર્ડ અને એચ.એસ.સી બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને જ લાગુ

પડશે.

(૪) આ યોજનામાં અરજીઓ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું પરિણામ પ્રસિધ્ધ થયા પછી, જાહેરાત પ્રસિધ્ધ કરી ઓનલાઈન પુરાવા સાથે અરજીઓ મેળવવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૫; મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ; પેટા-મુખ્ય સદર: ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદર: ૧૦૨ આર્થિક વિકાસ; પેટા સદર: ૦૨ SCW-12 રોજગારી અને આવકના સ્રોત ઊભા કરવા આર્થિક ઉત્થાન યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

( સંતોષ વસાવા )

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના :

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી,અ.જા.ક મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.04.04 17:46:08 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign